# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

**વંચાણે લીધાઃ–** (૧) સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૧.૧૧.૨૦૧૪નો પત્ર ક્રમાંક ગકવ/ ૧૨૨૦૧૪/ ૧૭૮૪/ ક.૨

(૨) તા.૧૭.૦૬.૨૦૧૪ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ તથા પોલીસ અધિકારીશ્રીઓની સંયુકત કોન્ફરન્સ ની કાર્યવાહી નોંધ.

**મહિલાઓ / બાળકોની સુરક્ષા જાગૃતિ અંતર્ગત હેલ્પલાઈન નંબર પ્રસિધ્ધ કરવા બાબત.**

## –:: પરિપત્ર ::–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળની તમામ યુનિટ/ સબયુનિટની કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, તા.૧૭.૦૬.૨૦૧૪ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ તથા પોલીસ અધિકારીશ્રીઓની સંયુકત કોન્ફરન્સ યોજવામાં આવેલ હતી. સદર કોન્ફરન્સમાં ચર્ચા – વિચારણા અંતે મહત્વાના નિર્ણયો લેવામાં આવેલ. સદર સંયુકત કોન્ફરન્સની કાર્યવાહી નોંધના ***Action Points*** માં દર્શાવેલ મુદ્દા નં. ૧૩ અને ૧૪ માં દર્શાવેલ વિગત મુજબ મહિલાઓ / બાળકોની સુરક્ષા જાગૃતિ અંતર્ગત રાજયની તમામ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓમાં ફરજીયાત હેલ્પલાઈન નંબર ૧૦૯૧ અને ૧૮૧ની વધુને વધુ પ્રસિધ્ધિ થાય તેમજ સહેલાઈથી અને વારંવાર નજરમાં આવે તે રીતે ડીસ્પ્લે કરવા જણાવેલ છે. જેથી અત્રેની યુનિવર્સિટી હસ્તકની તમામ શૈક્ષણિક વિભાગોએ સદર હેલ્પલાઈન નંબર ઉપર જણાવ્યા મુજબ પ્રસિધ્ધ કરવા અંગેની કાર્યવાહી કરવી.

ઈ/ચા.કુલસચિવ

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/૧૩૬૮૪ - ૭૩૩ /૨૦૧૪.
નવસારી. તારીખઃ ૦૫/૧૨/૨૦૧૪.

<u>નકલ સવિનય રવાનાઃ–</u>

નવસારી કૃષિ યુવિનર્સિટી, નવસારી હસ્તકની તમામ શૈક્ષણિક વિભાગોના વડા/ડિનશ્રીઓ અને અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ પરિપત્રમાં જણાવ્યા મુજબની માહિતી પ્રસિધ્ધ કરવા સારું.

ક્રમાંક:-ગકવ-૧૨૨૦૧૪-૧૭૮૪-ક.૨

**ગુજરાત સરકાર**

કૃષિ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ- 11 NOV 2014

પ્રતિ,

કુલસચિવશ્રી,

કૃષિ યુનિવર્સિટી,

**આણંદ, જુનાગઢ, નવસારી,**

**સરદારકૃષિનગર- દાંતીવાડા.**

**વિષયઃ-** માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ કોન્ફરન્સના મુદ્દાઓ અંગે કાર્યવાહી કરવા બાબત..

ઉપર્યુક્ત વિષય અંગેના વિભાગની મ.૩ શાખાના તા.૨૮.૭.૨૦૧૪ ના પત્રની નકલ બિડાણ સહિત આ સાથે આપને મોકલી આપતા જણાવવાનું કે, પ્રસ્તુત કાર્યવાહી નોંધમાં આપને સંલગ્ન મુદ્દાઓ અંગે જરૂરી કાર્યવાહી કરવા અને કરવામાં આવેલી કાર્યવાહીની વિગતોની અત્રે જાણ કરવા વિનંતી છે.

Patel

**(ડી.એન.પટેલ)**

**સેકશન અધિકારી**

કૃષિ અને સહકાર વિભાગ

બિડાણઃ- ઉપર મુજબ.

A. 3. 3

18/11/14

24 NOV 2014

18 NOV 2014

૧૧-૫.૧૫.

ક્રમાંકઃ- પરચ/૧૧૨૦૧૪/૧૫૧૮/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૮/૭/૨૦૧૪

પ્રતિ,

ઉપસચિવશ્રી(પશુપાલન),કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

✓ઉપસચિવશ્રી(કૃષિ યુનિ.)કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

વિષયઃ- માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ કોન્ફરન્સના મુદ્દાઓ અંગે કાર્યવાહી કરવા બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિકારીશ્રીઓની સંયુક્ત કોન્ફરન્સની કાર્યવાહી નોંધની નકલ આ સાથે સામેલ છે. કાર્યવાહી નોંધમાં આપને સંલગ્ન મુદ્દાઓ અંગે જરૂરી કાર્યવાહી કરવા આજ્ઞાનુંસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(એસ.બી.કરોડે)
સેકશન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

બિડાણ ઉપર મુજબ

Pl. put up

કાર્યનોંધ :-

**રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા સારૂ માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ તથા પોલીસ અધિકારીશ્રીઓની સંયુક્ત કોન્ફરન્સ, તા.૧૭/૬/૨૦૧૪.**

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા સારૂ ઘણા લાંબા સમય બાદ મળી રહેલી આ કોન્ફરન્સમાં શ્રી આર.જી.ત્રિવેદી, સંયુક્ત સચિવ, કાયદો અને વ્યવસ્થા દ્વારા ઉપસ્થિત સૌને આવકારવામાં આવ્યા હતા ત્યારબાદ કોન્ફરન્સની શરૂઆત કરતાં, અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ), ડૉ.એસ.કે.નંદા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી બાબતમાં પોલીસની કામગીરી વિશે ટુંકમાં ઉલ્લેખ કરતાં અધિક મુખ્યસચિવશ્રી દ્વારા જણાવવમાં આવ્યું હતું કે રાજ્યના પોલીસ તંત્રએ હાલના સમયને અનુરૂપ આધુનિક તકનિકના ઉપયોગની સાથે સાથે માનવીય અભિગમ અપનાવીને કામગીરી કરવાની પધ્ધતિને અપનાવવાની જરૂરિયાત છે જેથી કરીને સમાજમાં પોલીસની કામગીરી અને વિશ્વસનીયતા વધે અને તેમ થવાથી પોલીસ અને પ્રજા વચ્ચેનું અંતરા ઘટશે અને સંકલન વધશે, જેનો સીધો લાભ ગુનાઓને કાબુમાં રાખવા અને ગુનાઓની શોધખોળમાં થશે.વધુ ઉલ્લેખ કરતાં, રાજ્યના અતિમહત્વના પ્રોજેક્ટ ઈ-ગુજકોપના ઉપયોગ અને તેના વ્યાપ વધારવા વિશે દિશાનિર્દેશ કરતાં જણાવ્યું કે આ પ્રોજેક્ટના કારણે રાજ્યના લગભગ તમામ પોલીસ સ્ટેશનો ઑનલાઈન કામગીરીની સુવિધાથી સજ્જ થયેલ છે અને તે કારણે એફ.આઈ.આર.સહિત ની લોકલ કામગીરી સરળ થયેલ છે અને કામગીરીમાં પારદર્શિતા આવેલ છે.

કોન્ફરન્સમાં પ્રસંગોચિત્ત ઉદ્દબોધન કરતાં ડૉ.વરેશ સિંહા, મુખ્ય સચિવશ્રીએ પણ પોલીસના લોકાભિમુખ વહીવટી કામગીરી બાબતનો ઉલ્લેખ કરીને અતિમહત્વના પ્રોજેક્ટ ઈ-ગુજકોપના ઉપયોગ અને તેના વ્યાપ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ત્યારબાદ, કોન્ફરન્સના અધ્યક્ષ, માનનીય મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબહેન પટેલે કોન્ફરન્સમાં ઉપસ્થિત સહુનુ અભિવાદન કર્યું અને અત્રે જણાવ્યા મુજબની બાબતોના ઉલ્લેખ સાથે કેટલાક મુદ્દાઓ પરત્વેની કાર્યવાહી માટે દિશા સૂચન કરવામાં આવ્યાઃ-

- ✓ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીની પોલીસ વિભાગની સાથે સાથે જીલ્લા મેજીસ્ટ્રેટની પણ સહિયારી જવાબદારી છે.
- ✓ વિકાસના કામોમાં રાજ્યએ દેશમાં જેમ મોખરાનું સ્થાન મેળવ્યું છે એમ સુરક્ષા અને સલામતિની બાબતમાં પણ મોખરાનું સ્થાન હાસિલ કરવાનું છે.
- ✓ ગુજરાતની સ્થાપનાના ૪૦ વર્ષોમાં પહેલીવાર જ આ એક આખો દશક શાંતિ, સુરક્ષા, સલામતી અને એકતા-ભાઈચારાના વાતાવરણનો રહ્યો છે. ગુજરાતમાં શાંતિ અને સલામતીની સુખદ સ્થિતિના કારણે જ રાજ્યમાં પ્રગતિ અને આર્થિક પ્રવૃત્તિઓ ધમધમતી રહી છે.
- ✓ ગુજરાતમાં સમૃધ્ધિ વધી છે જેના કારણે ઉદભવતી સમસ્યાઓનો સામનો કરવાનો છે.
- ✓ વિકાસ સાથે વિશ્વાસ અને સમૃધ્ધિ સાથે સલામતી પણ અત્યંત જરૂરી.

✓ મહીલા સુરક્ષા દેશનાં અન્ય સ્થળોની જેમ પ્રાણ પ્રશ્ન છે.

✓ "સૌની પ્રગતિ સૌની સલામતી" નો સંકલ્પ લઈને આગામી સમયમાં ગુજરાત વિકાસના પથ ઉપર સુરક્ષિત ગુજરાતની આગવી ઓળખ સાથે આગળ ધપે અને સમાન જીવનમાં શાંતિ, એકતા અને ભાઈચારાની સદભાવનાનું ચાલકબળ વધુ સુદ્રઢ બને એ માટે આપણે સહુ કટીબધ્ધ થઈએ.

✓ જેમ આપણા પ્રધાનમંત્રી આપણને કહેતાં એમ FILE અને LIFE લાવવાની જરૂર છે.

✓ ફરીયાદીને માત્ર FIR નંબરથી ઓળખવાનાં બદલે એની વેદના એના દુઃખને સમજીએ.

આમ, ઉપર પ્રમાણેના પ્રારંભિક ઉદ્બોધન બાદ નિયત એજન્ડા પરની ચર્ચાની શરૂઆત કરવામાં આવી. પ્રથમ મુદ્દામાં સમાવિષ્ટ (a) થી (i) આગળની બાબતો પૈકી આર્મ્સ એકટના ગુનાઓની વિગત જોતાં આ ગુનાઓમાં ઉત્તરોતર વધારો થતો રહ્યો છે અને વર્ષ ૨૦૧૪ના જ ફક્ત આંકડા જોતાં, ગત વર્ષની સરખામણીમાં આ વધારો ઘણો નોંધપાત્ર દેખાય છે. આ કામગીરી સારી છે. છતાં, રાજ્યમાં હજી પણ આર્મ્સ એકટના ગુનાઓનું પ્રમાણ જોવા મળે છે. આ રાજ્યમાં અન્ય રાજ્યોમાંથી આવતાં અને અત્રે વસવાટ કરનારાઓનું પ્રમાણ વધુ છે. ત્યારે હજી પણ આ બાબતમાં વધુ સતર્કતા રાખવી જરૂરી જણાય છે.

નાર્કોટીક્સ અંગેના કેસોની વિગત જોતાં નોંધાયેલ કેસોની સંખ્યા તથા કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ છેલ્લાં ત્રણ વર્ષોમાં તુલનાત્મક રીતે ઘટાડો નોંધાયો છે. સતર્કતા ના કારણે આવા ગુનાઓનું પ્રમાણ ઘટયું હોય તો તે એક સારૂ પગલું કહી શકાય. છતાં પણ રાજ્યના શૈક્ષણિક હબ અથવા વિદ્યાધામો જેમ કે, વલ્લભ વિદ્યાનગર, વડોદરા, અમદાવાદ, રાજકોટ વિગેરે શહેરોમાં તેમજ કામધંધાના કારણે વસ્તીનું પ્રમાણ વધારે છે, તેવાં સુરત, ભરૂચ, અમદાવાદ વિગેરે શહેરોમાં હજી પણ ડ્રગ્સનો નિયમિત વપરાશ થઈ રહેલ છે અને રાજ્યનું યુવાધન આ રીતે બરબાદ થઈ રહ્યું છે. આથી, આવા વિસ્તારો ઓળખી અને તેવા વિસ્તારોમાં સઘન ચેકીંગ અને તકેદારી જરૂરી છે.

એટ્રોસીટી એકટ અંગેની ચર્ચા અંતર્ગત જણાવવામાં આવ્યું કે આવા ગુનાઓ ના બને તે માટે સમાજમાં અમુક ચોક્કસ જ્ઞાતિ આધારિત પ્રસંગો/મેળાવડાઓને ઉત્તેજન ન આપવામાં આવે તેવા પ્રયત્નો કરવા જોઈએ. જેથી, જાતિવાદને લગતા ગુનાઓને ઉત્તેજન મળે નહીં.

વધુમાં જે જિલ્લાઓમાં SC/ST એટ્રોસીટીના કેસોનું પ્રમાણ વધારે છે અને નિકાલ થતો નથી, તેવા જિલ્લાઓની ઓળખ કરી, આ માટેની ખાસ કોર્ટોની રચના કરવા માટેની પણ કાર્યવાહી થવી જોઈએ. આવા કેસો વધુ સમય માટે પડતર ન રહે તે બાબતમાં પણ કાળજી લેવડાવી જોઈએ.

મહિલાઓ/બાળકો ગુમ થવાના જે બનાવોનું પ્રમાણ વધુ હોવાનું અવલોકન કરતાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આવા બનાવો ન બને તે માટેના ઉપાયો વિચારવા જોઈએ. અમુક વિસ્તારો એટલે કે, શહેરો અથવા એવા વિસ્તારો કે જયાં મહિલાઓ અને બાળકો ગુમ થવાના બનાવો વધારે પ્રમાણમાં બનતા હોય તેવા વિસ્તારોની ઓળખ કરી, આવા વિસ્તારોમાં થતી હેરફેર અને બહારના વ્યક્તિઓના આવાગમન પર ધ્યાન/ તકેદારી રાખવાનું વિચારવું જોઈએ.

અન્ય અસામાજીક પ્રવૃત્તિઓ જેવી કે, દારૂ. જુગાર, લૂંટફાટ, ઘરફોડ ચોરીઓ વિગેરેના આંકડાઓ

જોતાં રાજ્યમાં આ ગુનાઓનું પ્રમાણ ગત વર્ષોની સરખામણીમાં વધવા પામેલ છે. આથી, આવા ગુનાઓ પરત્વે અસરકારક નિયંત્રણ આવે તે જરૂરી છે. તે દિશામાં કોઈ ચોક્કસ કાર્યપ્રણાલી વિકસાવવી જોઈએ. આરોપીઓના ડેટાબેઝના આધારે આવા ગુનાઓ નિવારવા પગલાં વિચારી શકાય.

પ્રોહીબીશનના કેસોમાં વડોદરા રેન્જ તથા સુરત શહેરની કામગીરી નોંધપાત્ર જણાય છે. અન્ય વિસ્તારોમાં આ કામગીરીમાં સતર્કતા વધારી અને કડક હાથે કામગીરી કરેએ જરૂરી છે.

ગૌમાંસ અને ગેરકાયદેસર પશુઓની હેરફેર અંગેના ગુનાઓ અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ શહેર, સુરેન્દ્રનગર તેમજ બનાસકાંઠા જીલ્લાઓમાં વધુ નોંધાયેલ છે. અન્ય જીલ્લાઓમાં નોંધાયેલ ગુનાઓ પ્રમાણમાં ઓછા છે. છતાં, ગૌમાંસની કતલ અને પશુઓની ગેરકાયદેસર હેરાફેરીની પ્રવૃત્તિનું પ્રમાણ રાજ્યમાં વધારે પડતું છે. આથી તેના નિયંત્રણ બાબતમાં યોગ્ય કાર્યવાહી થવી જોઈએ.

ચોરી/ઘરફોડ ચોરીના ગુનાઓનું પ્રમાણ પણ પાછલા વર્ષોની સરખામણી એ ઓછું થયેલ નથી. મુખ્યત્વે રાજ્ય બહારથી આવતાં તત્વો આવી પ્રવૃત્તિને અંજામ આપતા હોવાનું બહાર આવેલ છે. આથી, આવી પ્રવૃત્તિ આચરતા શખ્સો/ટોળકીઓ ને શોધી કાઢવા માટે ની તકેદારી રાખવી જરૂરી છે.

આમ, ઉપર જણાવ્યા પ્રમાણે વિવિધ ગુનાઓની બાબતમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી અને મુખ્યત્વે નીચે જણાવ્યા મુજબના મુદ્દાઓ પરત્વે કાર્યવાહી સુનિશ્ચિત કરવામાં આવે તેવા અધ્યક્ષ સ્થાનેથી થયાં:-

- હાલમાં વડાપ્રધાન છે એવા રાજ્યના પુરોગામી મુખ્યમંત્રીશ્રી એ આપેલ "સહુનો સાથે સહુનો વિકાસ"ના સુત્રને વળગી રહી તે મુજબની જ કાર્યપ્રણાલીની અમલવારી કરીએ અને ટીમવર્કને પ્રાધાન્ય આપીએ.
- રોડ અકસ્માત અટકાવવા માટે ટ્રાફિકની સમસ્યાનો હલ થાય તે દિશામાં હકલરાત્મક પ્રયાસ જરૂરી છે.
- દારૂબંધી, જુગાર, ગૌવંશ હત્યા વિગેરે ગુનાઓ જે સમાજમાં દુષણરૂપ ગણાય છે તે અટકાવવા માટે ના પગલાં વિચારી અસરકારક પગલાં લેવાવા જોઈએ.
- મહિલાઓ અને બાળકો માટે શરૂ કરવામાં આવેલ હેલ્પલાઈન નંબર ૧૦૯૧ અને ૧૮૧ ની વધુ ને વધુ પ્રસિધ્ધિ થાય તેમજ આ હેલ્પલાઈનનો સફળ ઉપયોગ જામનગર જિલ્લામાં થયેલ છે તે મોડેલનો અભ્યાસ કરી તેવો ઉપયોગ બધે થવો જોઈએ.
- મહિલાઓ અને બાળકોના ગુમ થયવાનું પ્રમાણ વધારે છે આથી, ગુમ થયેલ મહિલાઓ/બાળકોની ભાળ મેળવવામાં વિશેષ કાળજી રાખવામાં આવે. ગુમ થવાના કેટલા કેસો છે તેની સ્થિતિ શું છે વિગેરે નિયત્મિ મોનીટરીંગ થવું જોઈએ.ગુમ થયેલાઓની ભાળ ન મળી હોય તેવા કિસ્સાઓ અલગ તારવી આવા કેસોમાં અસરકારક શોધખોળ થવી જોઈએ,
- રાજ્યમાં મહિલાઓની સુરક્ષા માટે વિશેષ અને આયોજનપૂર્વકના પગલાં લેવાવાં જોઈએ.જાહેર માર્ગો પર કોઈપણ સમયે સુમસામ વિસ્તારોમાં એકલ-દોકલ મહિલાઓ માટે મદદગારીની

તત્પરતા હોવી જોઈએ સાથોસાથ આ પ્રકારે એકલદોકલ મહિલા હોય પરંતુ અસામાજીક પ્રવૃત્તિના ઈરાદાયુક્ત હોય તો તે સામે ઉચિત પગલાં પણ લેવાવાં જોઈએ.

- મહિલાઓ/બાળકોની સુરક્ષા જાગૃતિ અંતર્ગત રાજ્યની તમામ પ્રકાર શૈક્ષણિક સંસ્થાઓમાં ફરજીયાતપણે હેલ્પલાઈનના નંબરો સહેલાઈથી અને વારંવાર નજરમાં આવે તે રીતે ડીસ્પ્લે.
- વધુમાં, મહિલાઓ બાળકોની સુરક્ષા જાગૃતિ માટે દૂરદર્શન અને રેડિયોમાં કાયમી ટાઈમસ્લોટ લેવામાં આવે.
- રાજ્યમાં માન્ય કતલખાનાઓ ઉપરાંત ગેરકાયદેસર ચાલતા કતલખાના કેટલા છે તે બંધ થાય તેવા પગલાં લેવાવાં જોઈએ. ઉપરાંત, ગેરકાયદે ગૌવંશ અને તેના માંસની હેરાફેરીમાં સંડોવાયેલા વાહનો ડીટઈન કરી કડક પગલાં લેવાં.
- ગૌવંશ કત્લ અને તેની હેરફેરમાં સંડોવાયેલા કેટલા કેસોમાં પાસા કરવામાં આવેલ છે તેની વિગતો રજુ કરવી અને આ પ્રકારના ગુનાઓમાં પાસા લાગુ પાડવામાં આવે તે જોવું.
- પાસાના કેસોની સમીક્ષા માટે અમદાવાદ કલેકટર, પોલીસ કમિશનર અને પોલીસ અધિક્ષક અમદાવાદ ગ્રામ્યની સંયુક્ત બેઠક બોલાવવી.(અધિક મુખ્ય સચિવ કક્ષાએ)
- વલ્લભ વિદ્યાનગર, સુરત, વડોદરા, રાજકોટ, અમદાવાદ જેવા શહેરોના શૈક્ષણિક વિસ્તારોમાં માદક દ્રવ્યોના વેપારનું પ્રમાણ વધારે જોવા મળે છે.આથી, આવી જગ્યાઓ પરના સ્થાનો ચકાસી માદક દ્રવ્યોનું વેચાણ ન થાય તે માટે તકેદારીના પગલાં.
- ચુંટણીઓના સમયમાં રાજ્યમાં જેમ દારૂના વેચાણ પરના પ્રતિબંધનો ચોકસાઈ પૂર્વક અમલ થાય છે તે પ્રમાણે બાકીના દિવસોમાં કેમ નથી થઈ શકતું તએ બાબત ધ્યાને લેવામાં આવે.
- કોર્ટ કેસોના અસરકારક મોનીટરીંગ માટે તમામ કેસો કોમ્પ્યુટરાઈઝ્ડ કરવા.
- જમીન તકરાર સબંધી કેસો માટે જીલ્લા કક્ષાએ રચાયેલ એસ.આઈ.ટી.ના તમામ કેસોમાં અંતિમ નિર્ણય સુધી જવું જોઈએ.

<u>પ્રભારી સચિવ/જીલ્લા મેજીસ્ટ્રેટ/પોલીસ કમિશનર/ પોલીસ અધિક્ષક તરફથી થયેલ સૂચનો/મુદ્દાઓ:-</u>

- દેવભુમિ દ્વારકાજીલ્લા પોલીસ હેડકવાર્ટર માટેની જગ્યાનો પ્રશ્ન છે.
- ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી પાસે સીસીસી+ પરીક્ષા લેવા માટે પર્યાપ્ત સાધનો નથી સી.સી.સી.પાંચ વર્ષમાં પાસ કરવાની શરતે ગાંધીનગરમાં પોલીસ કર્માચારીઓને પ્રમોશન આપ્યા છે. –ગાંધીનગર પોલીસ અધિક્ષકની રજુઆત.
- ડી.એમ. અમદાવાદ – સબ જેલ નવી શરૂ કરવી જોઈએ. જેથી ડિસ્ટ્રીકટ જેલ ઉપર ભારણ ઘટશે.
- રાકેશ અસ્થાના, સુરત સી.પી. – (૧) જેલમાં ફોનનો ઉપયોગ રોકવા માટે પગલાં (૨) ગણપતિ વિસર્જનમાં મૂર્તિ વિસર્જન માટે ખાસ જગ્યા/તલાવ – GPCB કોર્ટનો ઓર્ડરનો અમલ કરવો - Water Act ની જોગવાઈઓનો અમલ કરવો.

- નર્મદા અને દાહોદ જીલ્લાઓ માટે ઈન્ટરસેપ્શન સારૂ નવા યંત્રો ખરીદવા માટેની રજુઆત હતી. આ માટે જરૂરી દરખાસ્ત કરવા નર્મદા અને દાહોદને સૂચના આપી.
- સ્પીડ ગન દરેક જિલ્લામાં મોકલવી
- Section–304(A) નોન કોગ્નીઝેબલ બનાવવા માટેની દિશામાં વિચારવું.
- સીટમાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણાના કેસોના પડતર હોવાનું પ્રમાણ વધારે છે તેનો ત્વરાથી નિકાલ કરવામાં આવે.
- લેન્ડને લગતા કેસો કે જેમાં ક્રિમિનલ બાબતો છે, ફોર્જરી સંડોવાયેલ હોય, ગેરકાયદેસર દબાણ જેવા મુદ્દા હોય ત્યાં સીધી એફ.આઈ.આર. દાખલ કરી શકાય. જ્યાં અરજદારની એફ.આઈ.આર દાખલ ન થઈ શકે ત્યાં SIT એ આવા મુદ્દાનીતપાસ કરી જરૂરી કાર્યવાહી કરવી જોઈએ.
- પોલીસ કર્મચારીઓ માનવીય અભિગમ વાપરે અને તેઓની કામગીરી પ્રજાલક્ષી હોવી જોઈએ તેમજ તેમની છાપ પ્રજા મિત્ર તરીકેની હોવી જોઈએ. એક માસમાં તેઓને Sensitize કરવાના છે અને તેની દરેક માહિતી નિયમિત રીતે સમયસર માનનીય મુખ્યમંત્રીશ્રી ઑફિસ સુધી પંહોચવી જોઈએ.

**SC/ST/Atrocity**

- એસ.સી./એસ.ટી ના કેસોમાં સાહેદો relaible હોવા જોઈએ.
- સરકારી વકીલ કે જેનો conviction rate ઓછો હોય તેને દૂર કરવા જોઈએ.
- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે કેસોના નિકાલ માટે બહોળા પ્રમાણમાં સરકારી વકીલ મુકવા માટે કાર્યવાહી કરવી
- ૩ થી ૧૦ વર્ષ જુના જે કેસો હોય તેમાં કાગળો ન મળતા હોય, Re-construct કરવા જોઈએ -- મુદ્દામાલ કોર્ટમાં જમા કરાવવા જોઈએ જેથી કેસનો ઝડપી નિકાલ થઈ શકે અને આવા જુના કેસોમાં ખાસ સરકારી વકીલોની નિમાણુંક કરવી જોઈએ.
- એક ખાસ કોર્ટ ત્રણથી ચાર જિલ્લામાં ખાસ એસ.સી./એસ.ટી. કેસોના designate કરવા માટે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે દરખાસ્ત કરવી -- અમદાવાદ, બનાસકાંઠા, ભાવનગર અને સુરેન્દ્રનગર.

***Action Points:-***

*1)* જે જીલ્લાઓમાં અકસ્માતનું પ્રમાણ વધુ છે તેવા વિસ્તારોના છેલ્લા છ માસના ડેટા લઈ તે આધારે અકસ્માત ઘટાડવા શું કરવું જોઈએ તે અંગેનો અહેવાલ રજુ કરવો.

*2)* સ્થાનિક લેવલે નિકાલ થઈ શકતો હોય તેવી બાબતોનો સ્થાનિક લેવલે નિકાલ કરવાનો રહશે.

*3)* જ્યાં, આવી કામગીરી માટે વધુ નાંણાકિય સહાયની જરૂરિયાત હોય, તેવા કિસ્સામાં વાહનવ્યવહાર વિભાગને દરખાસ્ત કરવી.

*4)* સ્પીડ ગન દરેક જીલ્લાઓમાં ફાળવવી.

(કાર્યવાહી ક્રમ-૧થી ૪ :- બંદરો અને વાહન વ્યવહાર વિભાગ)

5) બહુલક્ષી વિવિધ ઉપયોગ માટે હયાત ઈન્ફ્રાસ્ટ્રકચરનો સહિયારો ઉપયોગ કરવો જોઈએ. જેમકે, CCTV કાયદો અને વ્યવસ્થાની જાળવણી સાથે વહીવટી તંત્રના ઉપયોગ માં લઈ શકાય.(કાર્યવાહી:- વાહન વ્યવહાર કમિશનર અને મુખ્ય પોલીસ અધિકારી)

6) પોલીસ કર્મચારીઓ માનવીય અભિગમ વાપરે અને તેઓની કામગીરી પ્રજાલક્ષી હોવી જોઈએ તેમજ તેમની છાપ પ્રજા મિત્ર તરીકેની હોવી જોઈએ. એક માસમાં તેઓને Sensitize કરવાના છે અને તેની દરેક માહિતી નિયમિત રીતે સમયસર માનનીય મુખ્યમંત્રીશ્રી ઓફિસ સુધી આવવી જોઈએ. (કાર્યવાહી:- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી)

7) એસ.સી./એસ.ટી ના કેસોમાં Witness–reliable હોવા જોઈએ.સરકારી કર્મચારી, અગ્રગણ્ય પ્રતિષ્ઠિત વ્યકતિઓનો સમાવેશ કરવો જોઈએ.

(કાર્યવાહી:- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ)

8) સરકારી વકીલ કે જેનો conviction rate ઓછો હોય તેને દૂર કરવા જોઈએ.

9) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે ખૂબ મોટા પ્રમાણમાં સરકારી વકીલ રોકવા જોઈએ જેથી આવા કેસોનો ઝડપી નિકાલ થઈ શકે.

10) ૩ થી ૧૦ વર્ષ જુના જે કેસો હોય તેમાં કાગળો ન મળતા હોય, Re-construct કરવા જોઈએ – મુદ્દામાલ કોર્ટમાં જમા કરાવવા જોઈએ

11) જુના કેસોના નિકાલ માટે મોટા પાયે ખાસ સરકારી વકીલોની નિમણુંક કરવી જોઈએ.

12) જ્યાં એટ્રોસિટીના કેસોનું પ્રમાણ વધારે છે તેવા અમદાવાદ, બનાસકાંઠા, ભાવનગર અને સુરેન્દ્રનગર-એમ ચાર જિલ્લાઓમાં ખાસ એસ.સી./એસ.ટી.કેસો માટેની કોર્ટ ચાલુ કરવા માટે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ જરૂરી દરખાસ્ત કરે.

(કાર્યવાહી- સમાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ)

13) મહિલાઓ/બાળકોની સુરક્ષા જાગૃતિ અંતર્ગત રાજ્યની તમામ પ્રકાર શૈક્ષણિક સંસ્થાઓમાં ફરજીયાતપણે હેલ્પલાઈનના નંબરો સહેલાઈથી અને વારંવાર નજરમાં આવે તે રીતે ડીસ્પ્લે કરવા.

14) મહિલાઓ અને બાળકો માટે શરૂ કરવામાં આવેલ હેલ્પલાઈન નંબર ૧૦૯૧ અને ૧૮૧ ની વધુ ને વધુ પ્રસિધ્ધિ થાય તેમજ આ હેલ્પલાઈનનો સફળ ઉપયોગ જામનગર જિલ્લામાં થયેલ છે તે મોડેલનો અભ્યાસ કરી તેવો ઉપયોગ બધે થવો જોઈએ.

(કાર્યવાહી:- શિક્ષણ વિભાગ તેમજ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી)

15) સીટ માટે નવી SOP બનાવવામાં આવે.(વડોદરા, ગાંધીનગર અને અમદાવાદ જીલ્લા મેજીસ્ટ્રેટ અને પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ સંયુક્ત રીતે)

16) વલ્લભ વિદ્યાનગર, સુરત, વડોદરા, રાજકોટ, અમદાવાદ જેવા શહેરોના શૈક્ષણિક વિસ્તારોમાં માદક દ્રવ્યોના વેપારનું પ્રમાણ વધારે જોવા મળે છે.આથી, આવી જગ્યાઓ પરના સ્થાનો ચકાસી માદક દ્રવ્યોનું વેચાણ ન થાય તે માટે તકેદારીના પગલાં.(કાર્યવાહી:-મુખ્ય પોલીસ અધિકારી)

17) કોર્ટ કેસોમાં પોલીસ ને કાયદાકીય રક્ષણ મળી રહે તે માટે વકીલોની પેનલ પુરી પાડવી.
(કાર્યવાહી : કાયદા વિભાગ)

અંતમાં નાયબ પોલીસ મહાનિરીક્ષક, કાયદો અને વ્યવસ્થા, શ્રી નરસિમ્હા કોમાર દ્વારા આભારવિધિ કરી સમાપન કરવામાં આવ્યું.

=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=०=

ક્રમાંક:- વિ-૧ / કઅવ / ૧૦૨૦૧૪ / ૧૧૮૫૯

ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર,
સરદારભવન,સચિવાલય,
ગાંધીનગર,
તા. 14 JUL 2014

પ્રતિ,

-માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
-માનનીય મંત્રીશ્રી,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
-માનનીય મંત્રીશ્રી (કાયદો)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
-માનનીય રાજ્યકક્ષા મંત્રીશ્રી,(ગૃહ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
-મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
--અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અધિક મુખ્ય સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અધિક મુખ્ય સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
--અગ્ર સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
--અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, ક્લાઈમેટ ચેન્જ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અગ્રસચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

-અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
--સચિવશ્રી,(વસુતાપ્ર) સામાન્ય વહિવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી, રમતગમત, યુવા, સાંસ્કૃતિક અને પ્રવૃતિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી, વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
-અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી(સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ) ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
-અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી(ઇન્ટે) ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
-અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી(વહિવટ) ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
-અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી(કાxવ્ય) ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી(એ.ટી.એસ) ગુજરાત રાજય, અમદાવાદ.
-અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી(તાલીમ) ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
-અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી(હથિયારી એકમો) ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
-અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી(એસ.સી.આર.બી) ગુજરાત રાજય, ગાંધીનગર.
-અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી,જેલ, ગુજરાત રાજય, અમદાવાદ.
-જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી, તમામ
-પોલીસ કમિશનરશ્રી, તમામ
-પોલીસ મહાનિરીક્ષકશ્રીતમામ
-વિભાગીય પોલીસ મહાનિરીક્ષકશ્રી, તમામ.
-નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી તમામ.
-પોલીસ અધિક્ષકશ્રી, તમામ.
-સિલેક્ટ ફાઈલ

(સંજય પંડ્યા)
ઉપ સચિવ(કાયદો અને વ્યવસ્થા)
ગૃહ વિભાગ